Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Prof. SAVALIA

# પથિક

(ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક)


આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ

તંત્રીમંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત,

પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૯ મું, અંક : ૬ વિ.સં.૨૦૫૫ : ફાગણ સન ૧૯૯૯ : માર્ચ





સપ્તશતીની હસ્તપ્રતમાંનું ચિત્ર

પથિક કાર્યાલય, C/o. ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાત ઇતિહાસ પરિષદ

ગુજરાત ઇતિહાસ પરિષદનું ૨૦મું અધિવેશન **ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ.**ના ઉપક્રમે પાનન્ધ્રો (તા. લખપત, જિ. કચ્છ) મુકામે તા. ૨૭ અને ૨૮ માર્ચ, ૧૯૯૯ના રોજ પરિષદના પ્રમુખ **ડૉ. મુગટલાલ બાવીસી**ના અધ્યક્ષપદે યોજાનાર છે.

અધિવેશનમાં ઇતિહાસ-સંસ્કૃતિને લગતા વિવિધ નિબંધો પરની ચર્ચામાં ભાગ લેવા ઉપરાંત સભ્યો કોઈ ઐતિહાસિક-સાંસ્કૃતિક વિષય પર સંશોધનાત્મક નિબંધ લખી તેનું વાચન કરશે. આપે હજુ સુધી જો આપનો નિબંધ ન મોકલ્યો હોય તો કાર્યાલયને મોડામાં મોડો **તા. ૨૨-૩-૯૯** સુધીમાં ઉપરના સરનામે મળી રહે એ રીતે મોકલી આપવા.

અધિવેશન ફી રૂ. ૧૫૦-૦૦ નક્કી કરવામાં આવી છે. આ રકમ માત્ર મનીઓર્ડર દ્વારા અથવા રૂબરૂ નીચેના સરનામે તા. ૨૨-૩-૯૯ સુધીમાં મોકલી આપવી.

મંત્રીશ્રી<br>
**ગુજરાત ઇતિહાસ પરિષદ**<br>
C/o. ભો.જે. વિદ્યાભવન,<br>
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

જે સભ્યોની અધિવેશન ફી અગાઉથી મળી હશે તેમની જ ભોજન-ઉતારાની વ્યવસ્થા થઈ શકશે. આયોજનમાં સરળતા રહે તે માટે સૌ સભ્યોને આગ્રહ ભરી વિનંતી છે કે અધિવેશન-ફી તા. ૨૨-૩-૯૯ સુધીમાં મોકલી આપે. સ્થાનિક જોવાલાયક સ્થળોનો પ્રવાસ યોજાય તો તેની અલગ ફી સભ્યોએ યજમાન સંસ્થાને આપવી પડશે.

**નોંધ :** નારાયણ સરોવર જતી એસ.ટી. બસ પાનન્ધ્રો થઈને જાય છે.

★

# 'વિરાસત'

**પુરાતત્ત્વ ખાતુ ગુજરાત રાજ્ય**ના ઉપક્રમે તા. ૩૦મી માર્ચ ૧૯૯૯ના રોજ અમદાવાદ ખાતે એક દિવસીય ગોષ્ઠિ **'વિરાસત'**નું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં હરપ્પા સંસ્કૃતિના કેન્દ્રો, ગુજરાતનું મંદિર સ્થાપત્ય તથા ગુજરાતનો શિલ્પકલા વારસોવિષયક નવા સંશોધનો અંગે તજ્જ્ઞો નિબંધો રજૂ કરશે અને ઉપસ્થિત વિદ્વાનો ચર્ચા કરશે.

ગુજરાતના વિદ્વાન ઇતિહાસકારોનું આ પ્રસંગે સન્માન પણ કરવામાં આવશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટી-મંડળ
ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી,
ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

# પથિક

વર્ષ ૩૯ મું ] મહા સં. ૨૦૫૫ : માર્ચ ૧૯૯૯ [ અંક ૬

## અનુક્રમ

ગુજરાતી સાહિત્યમાં શક્તિપૂજા — ડૉ. આર. ટી. સાવલિયા ૧
દેવગઢ બારિયા રાજ્યનો ઇતિહાસ — ડૉ. જયકુમાર ર. શુક્લ ૬
શ્રીમદ્ ભગવદ્ગીતાની પ્રણાલિભંજકતા — પ્રા. રવીન્દ્ર વી. ખાંડવાળા ૧૧
બ્રિટિશ શાસનમાં બહારવટિયો બાબર દેવા — તળપદા વિનુભાઈ બી. ૧૪
ગુજરાત ઇતિહાસ પરિષદ અધિવેશન ટાઈટલ ૩

જે ગ્રાહકોનાં વાર્ષિક લવાજમ બાકી હોય તેઓએ સવેળા મોકલી આપવા.

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાંત્રીસ : છૂટક નકલના રૂ.૪-૫૦ ટપાલ ખર્ચ સાથે : આજીવન સહાયકના રૂ. ૪૦૧/-
લવાજમ માટે મ.ઓ. યા બૅન્ક ડ્રાફ્ટ 'પથિક કાર્યાલય'ના નામનો કઢાવી મોકલવો.

## સૂચના

પથિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

પથિકમાં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ની ટિકિટો મોકલવી.

મ.ઓ.ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
C\o. ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C\o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૯૪૩૯૩ . તા. ૧૫-૩-૯૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી સાહિત્યમાં શક્તિપૂજા

ડૉ. આર. ટી. સાવલિયા*

હિંદુ સંસ્કૃતિના પાયામાં ધર્મ મૂળ સ્થાને રહેલો છે. સાહિત્યમાં પણ ધર્મની જયઘોષણા દશ્યમાન થાય છે. એમાં પણ ગુજરાતી સાહિત્યમાં સમાજની ભાવનાઓ, કલ્પનાઓ, આકાંક્ષાઓ વગેરેનું પ્રતિબિંબ વધારે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ભક્તિની અભિન્ન અવિરત ધારા, જેવી આ દેશમાં પ્રવાહિત થયેલી નજરે પડે છે, તેવી અન્ય સ્થાને દષ્ટિગોચર થતી નથી. સ્માર્ત, શૈવ, શક્તિમાર્ગી, વૈષ્ણવ, જૈન, એકેશ્વરવાદી, બહુદેવવાદી, જ્ઞાનમાર્ગી ભક્તિમાર્ગી, તંત્રમાર્ગી બધા સંપ્રદાયવાળા, ધર્મપ્રચારક સાધુઓ, ભિક્ષુઓ અને પંડિતોએ ગુજરાતના રંગમંચ પર પોતાના વ્યક્તિત્વ, જ્ઞાન વગેરે દ્વારા જૈન સમાજને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો છે. મુસલમાનોનું પ્રચંડ આક્રમણ મુહમ્મદ બિન કાસમના ક્રૂર હાથોથી આરંભાયું. ગુજરાતની ધર્મ-પ્રેમી ભાવુક જનતા એકવાર ખળભળી ઊઠી. મુહમ્મદ ગઝનીના સોમનાથવાળા ક્રૂર કૃત્યથી સમસ્ત ગુજરાતીઓનું લોહી ઊકળી ઊઠયું. પરંતુ મુસલમાન ઓલિયા, પીર અને ફકીરોએ જ્યારે ધર્મના નામ પર બાંગ દેવાનું શરૂ કર્યું, ભિક્ષા માટે હાથ લંબાવ્યા-ગુજરાતની ભાવુક જનતા દ્રવી ઊઠી અને એમના ઉપદેશોને પણ શાંતિથી સાંભળવા અને મનન કરવા લાગ્યા. ગુજરાતી સાહિત્યમાં આત્મગત ભાવોચ્છ્વાસનાં ઉપર્યુક્ત અનોખા દશ્ય સ્પષ્ટ રૂપમાં ઝીલાયેલાં જોવા મળે છે.

પરંતુ ગુજરાતી સાહિત્યમાં એક વિશેષતા જોવા મળે છે તે એ કે ગુજરાતવાસીઓએ પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિને એક બીજાથી અભિન્ન જોયા છે. એમની દષ્ટિમાં જો શિવ અવ્યક્ત, અદશ્ય તથા સર્વગત આત્મા છે, તો શક્તિ દશ્ય, ચલ તથા નામરૂપધારી સત્તા છે. અર્થાત્ શિવ અને શક્તિ એક જ તત્ત્વનાં બે મહાસ્વરૂપ છે. જ્યારે પ્રકાશ અથવા જ્ઞાનને પ્રધાનતા પ્રાપ્ત હોય, ઉપાસકને શૈવ સમજવો યોગ્ય છે. પરંતુ જ્યાં આત્મભાન કરાવનારી ક્રિયાને જ પ્રધાનતા મળતી હોય ત્યાં ઉપાસકને શાકત સમજવો જોઈએ. ગુજરાતવાસીઓની દષ્ટિમાં શિવ અને શક્તિની ઉપાસનામાં જો ભેદ હોય તો તે વસ્તુના ગુણપ્રધાન ભાવ પર નિર્ભર છે. કેમ કે શૈવ અને શાક્ત બંને બત્રીસ તત્ત્વોને માને છે. અધિકાર ભેદ, અદ્વૈતભાવ, તન્ત્રમાર્ગ અને યોગચર્યા-બંનેની એક સરખી છે. કેટલાક પ્રસંગોમાં આપણે શિવને ઉપદેષ્ટા અને શક્તિને શિષ્યારૂપમાં જોઈએ છીએ. ક્યાંક એનાથી ઉલટું શક્તિ ઉપદેશકર્ત્રી અને તંત્રશાસ્ત્ર આગમરૂપ તથા બીજા પ્રકારમાં તંત્રશાસ્ત્ર નિગમરૂપ પ્રદર્શિત થાય છે. શિવના સ્વરૂપને સમજવા માટે શક્તિની ઉપાસના અનિવાર્ય છે. આમ પણ શક્તિની સાધના શિવની કૃપા વગર થઈ શક્તી નથી. આ કારણથી ગુજરાતી સાહિત્યમાં અપભ્રંશકાલથી ૧૯ મી-શતાબ્દી સુધીનાં કાવ્યોમાં આ બંને મહાસ્વરૂપોની ઉપાસના એક સાથે પ્રાપ્ત થાય છે.

પહિલઉં પરમેસરુ નમી અવિકલ અવિચલ ચિત્તિ,
સમ રિસૂં સમરસિ ઝીલતી હંસાસસણી સરસતિ.
માનસ સરિ જાં નિર્મલઇ કરઇ કુતૂહલ હઁસ,
તાં સરસતિ રંગઇ રમઇ જોગી જાણઇ અઁસ,
(प्रबोधचिन्तामणि, અપભ્રંશ-ગુજરાતી-ગ્રંથ)

श्री गुरुचरणे प्रणमु कर जोड़ी नामुं शीश ।
प्राकृत बंध इच्छा करुं पत राखो श्री जगदीश ॥
मतिमंद मूरख काइं न जाणुं धरुं मोटी हाम ।
शक्ति शिव करुणा करो तो थाय मारुं काम ॥ (जालन्धर आख्यान-१७मी सदी)

★ અધ્યાપક, ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાતી ભાષાના તુલસીદાસ, લોકપ્રિય ભટ્ટ પ્રેમાનંદના સમકાલીન પ્રતિસ્પર્ધી, શામળ ભટ્ટે પોતાના સુપ્રસિદ્ધ મહાકાવ્ય 'શ્રી શિવપુરાણ'માં આ ભાવનાને વધુ સ્પષ્ટ કરી દીધી છે. તેઓ લખે છે કે :

શક્તિ જોરથી શિવ થયા, વૈષ્ણવીથી વિષ્ણુ હોય,
બ્રહ્મા બ્રહ્માણી થકી, કળી શકે સહુ કોય,
પૃથ્વીરૂપ એ પ્રેમદા, આકાશરૂપ શિ અધ,
એમાંથી સહુ ઉપજ્યાં, સમીયા એમાં સધ.
મમતા કરશે તે મૂરખા, અકલ હીન અજાણ,
પૃથ્વીમાં પેદા થયા, સમજે સિદ્ધ સુજાણ,
પ્રથમ રાધે પછી કૃષ્ણજી, પ્રથમ સીતા પછી રામ,
પ્રથમ શિવ પછી શિવ સ્વયે, એક રૂપ બે નામ.

ગુજરાતમાં અર્ધનારીશ્વરની આ પ્રકારની ઉપાસના, પૂજા અને ભક્તિ અતિ પ્રાચીન કાલથી જ પ્રવર્તમાન રહી છે. બૌદ્ધ અને જૈનકાલમાં વિઘ્ન ભલે આવ્યાં હોય, પરંતુ ભગવાન શંકરાચાર્યજીના પ્રાદુર્ભાવથી આ ધાર્મિક પ્રવૃત્તિમાં નવજીવનનો સંચાર થયો. વૈદિક ધર્મ દ્વારા આર્ય-હિંદુ સમાજને સંગઠિત કરવામાં એમણે અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી. એમના પરિશ્રમથી તત્કાલીન હિંદુ-સનાતન-લોક-માનસમાં અદ્‌ભુત અપૂર્વ પરિવર્તન થયું. જુદા જુદા પ્રદેશોની યાત્રા દ્વારા એમને એ પણ વિશ્વાસ થઈ ગયો કે જનસાધારણના માનસમાં નિર્ગુણ બ્રહ્મની ઉપાસના ઘર નહીં કરી શકે. સાથે જ સગુણ બ્રહ્મની ઉપાસના સાકાર-મૂર્તિની ભક્તિ દ્વારા બ્રહ્મોપાસના ઓછી કષ્ટ-સાધ્ય અને દેશ-કાલ-પાત્રને વધારે અનુરૂપ છે. આ વિચારથી એમણે પણ ભક્તિ સરિતામાં સ્નાન કરી મોક્ષ-જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિને પરિસ્ફુટિત કરવાનું જ વધારે મુનાસીબ માન્યું. પંચાયતન-દેવપૂજા, દેવભક્તિનો આરંભ થયો. ગુજરાત પર એનો ભારે પ્રભાવ પડ્યો. સૌરાષ્ટ્રમાં વસનારી સનાતન આર્ય-જાતિઓમાં નાગર-બ્રાહ્મણ બ્રહ્મક્ષત્રિય તથા નાગર વૈશ્ય પહેલેથી જ સંમાનિત-પ્રતિષ્ઠિત પદો પર બિરાજમાન રહેલા છે. કેટલાક દસકા પૂર્વ સુધી ગુજરાત, કાઠિયાવાડની નાની-મોટી બધી રિયાસતોમાં નાગરોની જ બોલબાલા હતી. નાગરોના ઇષ્ટદેવ શ્રી હાટકેશ્વર શિવ છે. પરંતુ કુળદેવીની ઉપાસના, શક્તિની પૂજા વિના નાગરને નાગર માનવામાં જ આવતા નથી.

गोत्रावटङ्कशाखाश्च प्रवरं वेदकर्मणि ।
शिवं गौरी गणेशश्च नावजानन्ति नागराः ॥

આનાથી ગુજરાતીઓમાં શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ વગેરેમાં સમાન ભાવ કાયમ રહ્યો. 'રાધા-કૃષ્ણ'નું પવિત્ર નામ લેતાં જ ત્યાંના લોકોમાં 'અર્ધનારીશ્વર'ની ભાવના જાગૃત થતી રહી છે. ગુજરાતી સાહિત્યના પરમ સંમાનિત મહાકવિ નરસિંહ મહેતાએ શિવની ઉપાસના કરી. શ્રીકૃષ્ણની રાસ-લીલાને પોતાનાં નેત્રોથી જોઈ. આ જન્મ એમણે શ્રીકૃષ્ણની મોહિની મૂર્તિનું ગુણ-ગાન કર્યું. પરંતુ અંતરમાં વિષમતા ઉત્પન્ન કરનારી સાંપ્રદાયિકતાને ક્યારેય આવવા દીધી નથી.

"પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન."

આ જ કારણ છે કે ગુજરાતમાં અનેક સુપ્રસિદ્ધ શક્તિપીઠો હોવા છતાં શાક્ત સંપ્રદાયને લગતા ગુજરાતી સાહિત્યમાં કેવળ ભક્તિને જ પ્રધાનતા મળી છે. એમાં દેવીનાં અનેકાનેક રૂપોની સ્તુતિ કરવામાં આવી છે. ભગવતીએ જુદા જુદા અવતાર ધારણ કરી ક્રૂરકર્મી દૈત્યોનો નાશ કર્યો, ભક્તોની રક્ષા કરી, તેમને આશીર્વાદ આપી અભય-વર પ્રદાન કર્યું, સંસ્કૃતિ, સમાજ અથવા રાષ્ટ્રની રક્ષા કરવામાં ભાવુક જનતાને સહાય પ્રદાન કરી-આ બધા વિષયોના ઉલ્લેખ આપણને ગુજરાતી સાહિત્યમાં ઘણા જ ગ્રંથોમાં મળી શકે. પરંતુ ભગવતીની જુદી જુદી મૂર્તિઓમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવા પ્રકારની ભાવના વણાયેલી છે, ક્યા ઉદ્દેશથી અમુક મંત્રોનું નિર્માણ થયું; માત્ર યંત્ર તથા દેવતાઓમાં ઐક્ય સ્થાપવા કરેલી પ્રણાલી વગેરે પર સૈદ્ધાન્તિક ગ્રંથ બંગાળી-ભાષાને છોડી ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓમાં આજે નથી; પરંતુ તંત્રશાસ્ત્રમાં નિષ્ણાત ગુજરાતી અને એમના દ્વારા લખાયેલ સંસ્કૃત ગ્રંથોની સંખ્યા ઓછી નથી. જેમ કાશી નિવાસી સુપ્રસિદ્ધ મંત્રશાસ્ત્રી વામનભદ્ર પાઠકે શક્તિની ઉપાસના કરી પેશ્વા-દરબારમાં સમ્માન પ્રાપ્ત કર્યું અને સુરતની પ્રસિદ્ધ જમીનદારી 'મોટા વરાછા' જાગીર રૂપે ભેટમાં મેળવી, એવી જ રીતે છાણી ગામ, વડોદરા-નિવાસી પંડિત શિરોમણિ મંત્રશાસ્ત્રી પાઠક જટાશંકરજી અને એમના વિદ્વાન વંશ જ આચાર્ય ગૌરીશંકર પાઠક, શ્રી લક્ષ્મીશંકર પાઠક તથા પૂજ્યપાદ મહારાજ બટુકનાથજીએ શક્તિની ઉપાસના અને મંત્રશાસ્ત્રના પરમ પાંડિત્યને કારણે ઉત્તર ભારતમાં ગુરુવરનું ગૌરવશાળી પદ પ્રાપ્ત કર્યું છે. સુપ્રસિદ્ધ મહાભારત વેત્તા કથાવાચક સ્વ. રમાનાથજી વ્યાસ શ્રી ગૌરીશંકરજીના શિષ્યોમાંના એક હતા. એમની આજ્ઞાનુસાર રમાનાથજીએ પીતામ્બરાદેવીની કાશીમાં સ્થાપના પણ કરી છે.

ગુજરાતી ભાષાનું પરમ સૌભાગ્ય છે કે તેના ઉપાસકોનું ધ્યાન આ તરફ આકર્ષિત થયું છે. ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ વિદ્વાન નર્મદાશંકર દેવશંકર મહેતા એ 'શાક્ત સંપ્રદાય'નું ઐતિહાસિક દૃષ્ટિથી પાંડિત્યપૂર્ણ વિવેચન કર્યું છે. વેદ, ઉપનિષદ, સૂત્ર તથા પૌરાણિક સાહિત્યની સાથે સાથે બૌદ્ધ તથા જૈન ધર્મમાં અન્તર્હિત શક્તિ-તત્ત્વ પર પ્રકાશ પાડયો છે. ગુજરાતની શક્તિપીઠોમાં આરાસુર શ્રીકુલની અંબિકા દેવી, પાવાગઢની કાલીકાપીઠ, આબુની અર્બુદા દેવી તથા ચુંવાળની બહુચરાદેવી પ્રસિદ્ધ છે. એ ઉપરાંત નારાયણ સરોવર નજીક આશાપુરી દેવી (માતાનો મઢ), ભૂજ નજીક રુદ્રાણી દેવી, બેટમાં અભયાદેવી, હળવદ નજીક સુંદરી ભવાની પીઠ, કાઠિયાવાડમાં પ્રભાસક્ષેત્ર-પિંડતારક્ષેત્ર પણ શક્તિ ઉપાસકોનાં મુખ્ય સ્થાન છે. કાલિકા દેવીની પૂજા ગુજરાતમાં સર્વત્ર થાય છે. પરંતુ ત્યાં વામા અથવા ભૈરવી-કાલિકાની ભાવના નથી, ત્યાં તો દક્ષિણા શિવા-કાલિકાનો જ ભાવ સ્પષ્ટ છે. આથી લોકો એને ભદ્રકાલીના નામથી પૂજે છે. બહુચરાજીમાં શ્રીકુલની બાલાત્રિપુરાની ભાવના છે. આથી નર્મદાશંકર દે. મહેતાએ કાદિ તથા હાદિ મતાનુસાર પૂજિત શ્રીયંત્રના વિષયમાં પણ થોડું લખીને શક્તિ-મતને વધારે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતમાં બાલા ત્રિપુરસુંદરીના ઉપાસક અનેક છે. કાશીના સુપ્રસિદ્ધ રાજા મુંશી માધવલાલે મંત્રશાસ્ત્રી લજ્જારામ સંતોખરામ ત્રવાડી પાસેથી બાલા ત્રીપુરસુંદરીનું રહસ્ય જાણ્યું હતું.

ગુજરાતી સાહિત્યમાં ભક્તિની અવિરત ધારાના ત્રણ મુખ્ય આધાર છે (૧)શ્રીકૃષ્ણ જેમાં પૂર્ણ અથવા પરવિષ્ણુની ભાવના અનુસ્યૂત છે. (૨) શિવ જેને પરબ્રહ્મ અથવા પર-શિવ-સ્વરૂપે વર્ણવેલ છે. (૩) શક્તિ અથવા દેવી. જેને ભક્તોએ પરાશક્તિના રૂપમાં નિહાળ્યા છે. જે લોકો ગુજરાતના સામાજિક જીવન અને અવસ્થાથી પૂરા પરિચિત નથી, એમની આ ધારણા ભ્રમ છે કે ગુજરાતના સનાતન આર્ય-હિંદુઓમાં વૈષ્ણવજનને જ પ્રધાનતા પ્રાપ્ત છે. અન્ય ભારતીય પ્રાંતોથી ત્યાંનાં સ્રી-સંપ્રદાયને વધારે સ્વતંત્રતા મળેલ છે. ગુજરાતી ભાષાના સૂરદાસ, નરસિંહ મહેતાએ ભગવાનની રાસ-લીલાનો અપૂર્વ આનંદ ભલે ચૌદમી શતાબ્દીમાં લીધો હોય, પરંતુ રાસલીલાની પ્રતિચ્છાયા-પ્રતિકૃતિ ગુજરાતી સમાજમાં "ગરબા"ના રૂપમાં જળવાઈ રહી છે. જેમાં શક્તિનું આહ્‌વાન કરી "ચૌમુખી દીપશાખા" (માંડવી)ની પૂજા કરી, દેવીની સ્તુતિ કરતાં પરિક્રમા કરવામાં આવે છે. એક પછી બીજી સ્રી ભગવતીના ગુણગાન કરે છે. દરેક પદ કે ચરણને અન્ય મહિલાઓ દોહરાવે છે. આ પ્રકારે રાતભર ગરબા ગાવામાં આવે છે. કેટલીક મહિલાઓ નવા ગરબા તત્કાલ બનાવતી જાય છે અને ગાતી જાય છે. ઘરમાં દીક્ષા શૈવ, વલ્લભ અથવા રામાનુજ-સંપ્રદાયની કેમ ન હોય, ગરબા ગાવાના સમયે એમનામાં પરા-શક્તિની ભાવના ઓતપ્રોત રહે છે. પોતાની રચનામાં ભલે એ દુર્ગા, અંબા, કાલી, ભવાની, રાધા, સીતા, ગૌરીના નામ લે, પરંતુ એ એમને પરાશક્તિ રૂપે નિહાળે છે. "भवभयविभव पराभवकारिणी" જ માને છે.

કવિ ભાલણ ( ઈ.સ. ૧૪૩૯-૧૫૩૯) આદિ કવિ નરસિંહ મહેતાના સમકાલીન છે. એમનો પ્રસિદ્ધ ગ્રંથ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંડિઆખ્યાન એમની શક્તિ-ભક્તિનું દ્યોતક છે. આ આખ્યાનને સરસ અને મધુર ભાષામાં જૂનાગઢના દીવાન રણછોડજીએ કાવ્યબદ્ધ કર્યું છે. ભાષા પર સંસ્કૃતની અસર છે. જે પ્રકારે સપ્તશતીમાં ૧૩ અધ્યાય છે. એ પ્રકારે ચંડિપાઠમાં ૧૩ કવચ છે. રૂપવર્ણન ગોસ્વામી તુલસીદાસના સીતાના અંગવર્ણન સાથે ઘણું જ સામ્ય ધરાવે છે. શક્રાદય સ્તુતિ કરતાં કહે છે :

વસ્ત્ર ધર્યા માયે જરકસી, જાણે પ્રાત દિનેશ ।
કમલ કોશ માંહિ ચંચલા, શોભે યથા સુનેશ ॥
કેશ-પાશ રવિ-નંદિની, ગંગ કુસુમની માલ ।
લેંથો સિંદૂર સરસ્વતિ, વેણી ત્રિવેણી વિશાલ ॥
શરદિંદુ સરખું વદન છે. દંત દાડિમ બીજ ।
મંદ મંદ મંજુલ હશે, જાણે ઝબકે છે વીજ ॥
પીન પયોધર ઓપતાં, જાણે કંચન કુંભ ।
બલિહારી ભુજદંડની ભાજ્યાં દૈત્યનાં દંભ ॥

આ સપ્તશતી આખ્યાનને શ્રીધરે સં. ૧૪૫૪ માં લગભગ તથા કવિ સોમેશ્વરે "સુરથોત્સવ' નામથી એનાથી પણ પહેલાં લખેલ છે. પ્રભાસ પાટણના નિવાસી શ્રીધરનું 'ગૌરી ચરિત્ર' સં.૧૫૬૪ માં લગભગ લખાયેલું છે. ગુજરાતી ભાષાના કવિ સમ્રાટ ભક્ત પ્રેમાનંદ, તુલસીદાસજીના સમકાલીન હતા. વડોદરામાં કામનાથ મહાદેવની નજીક એક સિદ્ધ મહાત્માના દર્શન અને આશીર્વાદથી પ્રેમાનંદને અપૂર્વ સફળતા પ્રાપ્ત થઈ. અંધકારમાંથી ગુજરાતી ભાષાને પ્રકાશમાં લાવવાનું શ્રેય પ્રેમાનંદને જાય છે. એમણે 'દેવી ચરિત્ર' લખીને પોતાનો શક્તિ પ્રેમ પ્રગટ કર્યો છે.

પ્રેમાનંદના સમકાલીન કવિઓમાં પ્રસિદ્ધ શક્તિ-ઉપાસક નાથભવાન થયા. જેને જૂનાગઢની વાઘેશ્વરી દેવીના આશીર્વાદ હતા. એમણે કાશીમાં સંન્યાસ લીધો. અનુભવાનન્દ સરસ્વતી નામથી પ્રસિદ્ધ થયા અને "આનન્દગુહા" સ્થાનમાં નિવાસ કરી વેદાન્ત તથા યોગનું શિક્ષણ આપતા રહ્યા હતા. એમણે શ્રીધરગીતા, સૂતસંહિતાનો પદ્યાનુવાદ કર્યો છે. એમના ગરબા અને ગરબી સુપ્રસિદ્ધ છે. એમના વંશમાં શ્રી મોતીલાલ રવિશંકર વલ્લભ ઘોડા વગેરે આજે મોજૂદ છે. જેના દ્વારા અનુભૂતિ પ્રકાશ, ભક્તિ રસાયણ, ઉપદેશસાહસ્રી, શંકરાનન્દી ટીકા સાથે ભગવદ્‌ગીતા વગેરે ગ્રંથોના ગુજરાતી અનુવાદ થયા છે. ૧૭ મી શતાબ્દીના મધ્યમાં વલ્લભ ઘોડા બાલા-ત્રિપુરસુન્દરીના પરમ ભક્ત થઈ ગયા. એમની "ગરબાવલિ" મધુર અને હૃદયગ્રાહી છે. વિષ્ણુદાસ ભીમે ગુજરાતી કાવ્ય સાહિત્યમાં માધુર્યની સરસ ધારા વહાવી દીધી છે. જન્મથી સ્માર્ત શૈવ હોવા છતાં પણ તેઓ વિષ્ણુભક્ત, પિતૃભક્ત તથા ગુરુભક્ત હતા. પોતાના વેદાન્ત ગ્રંથ 'પ્રબોધ પ્રકાશ'માં શિવજીના અર્ધાંગિની ઉમા વિશે લખે છે કે :

જય જય જય જગદીશ્વરી ઉમિયા ઉજ્જ્વલ અંગ,
આદિ શક્તિ અંતરિ રહી અલિંગી શિવલિંગ.
અંતરિ મારગિ નિયમતાં, નાડી સુક્ષિમ તન્ન,
બ્રહ્મરંધ્ર ગુરુમુખી કરી, જાણઇ યોગી જન્ન.

૧૮ મી શતાબ્દીમાં કૃપારામ શુક્લના પુત્ર મીઠુ મહારાજ સામરસ્યવાદી તાંત્રિક થયા. જેમણે વિન્ધ્યાચલમાં અષ્ટભુજા દેવીની આરાધના કરી શ્રીચક્રની યામલવિદ્યા પ્રાપ્ત કરી. એમણે બત્રીસ ઉલ્લાસમાં "રાસ-રસ"ની રચના કરી છે. જેમાં અર્ધનારીશ્વરની ભાવનાને સમ્મુખ રાખી શ્રીચક્રની પદ્ધતિ અનુસાર રાસલીલાનું વર્ણન છે. એમણે શક્તિ વિલાસ લહરી, શ્રીલહરી તથા શ્રીરસ લખી ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું છે. એમની શિષ્યા જાનીબાઈએ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'નવનાયિકાવર્ણન' કાવ્યની રચના કરી છે.

૧૯ મી સદીના મધ્યમાં સુપ્રસિદ્ધ કવિ બાલાશંકરજીના પિતા ઉલ્લાસરામ બાલા-ત્રિપુરસુંદરીના ઉપાસક હતા. એમણે પોતાના પુત્રનું નામ પણ બાલા રાખ્યું. બાલકવિ શાક્ત સાહિત્ય અને રહસ્યના સારા વેત્તા હતા. 'સૌંદર્યલહરી' નામના રહસ્ય-સ્તોત્ર પર સંસ્કૃતમાં લગભગ ૩૨ ટીકાઓ છે. શિવની સચ્ચિદાનંદમયી પર-શક્તિની ઉપાસના 'કાલીકુલ'ના મંત્રો તથા 'શ્રીકુલ'ના મંત્રો દ્વારા થાય છે. શ્રીકુલની અધિષ્ઠાત્રી શક્તિને 'શ્રી' સંજ્ઞા આપવામાં આવે છે. એમાં સાધકોએ પોતાના પિંડમાં જ ઉપાસના કરવાની હોય છે. કવિવર બાલાશંકરે શંકરાચાર્યના ગ્રંથના સમશ્લોકી અનુવાદ કરી ગુર્જર ભૂમિને અલંકૃત કરી છે. કાશી નગરમાં નાગરોની સ્ત્રીઓ દ્વારા રચાયેલા સ્તોત્રો, ગરબા તથા ગરબીઓની સંખ્યા સહસ્રથી અધિક હશે. વિક્ટોરિયા પ્રેસ દ્વારા ત્રણ સંગ્રહ પ્રકાશિત પણ થયા છે, જે હાલ અપ્રાપ્ય છે. ત્રવાડી સૂર્યનાથ ગણેશનાથે દેવીની સ્તુતિમાં એક સંગ્રહ અમર-યંત્રાલયથી પ્રકાશિત કરાવ્યો છે. નાગરોનાં કુટુંબોમાં બાલા, ત્રિપુરા, શ્રીવિદ્યા, બગલા, તારા, લલિતા વગેરે મહાવિદ્યાઓના મંત્ર તથા પટલ પ્રવર્તમાન છે.

શક્તિની ઉપાસના દરેક જાતિ તથા સમાજમાં પ્રવર્તમાન છે. યુરોપ, અમેરિકા, જાપાન, ચીન વગેરેમાં પણ એના તત્ત્વ-પુરાવાઓ નજરે પડે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવગઢ બારિયા રાજ્યનો ઈતિહાસ

– ડૉ. જયકુમાર ર. શુક્લ

**પ્રાસ્તાવિક :**

રાજસ્થાનના અજમેરના રાજા સોમેશ્વર ચૌહાણના વંશજો માળવામાં ખીચીવાડીમાં વસવાટ કરવાથી ખીચી ચૌહાણો કહેવાયા. તેમના વંશજ પાલનદેવે ચાંપાનેરનું રાજ્ય ૧૪મી સદીમાં સ્થાપ્યું. ચાંપાનેરના પતાઈ રાવળ (જયસિંહ રાવળ)ને મહમુદ બેગડાએ હરાવ્યો. ઇસ્લામ ધર્મ સ્વીકારવાનો ઇનકાર કરવાથી મહમુદે પતાઇ રાવળને મારી નાખ્યો. તેના બે પુત્રોમાંના મોટા પૃથ્વીરાજે મોહનપુર (છોટાઉદેપુર) અને બીજા ડુંગરસિંગે દેવગઢ બારિયાના રાજ્યની ૧૫મી સદીના અંતમાં સ્થાપના કરી. ડુંગરસિંગે ભીલોને હરાવીને બારિયાનું રાજ્ય સ્થાપ્યું હતું.

**બારિયાના રાજકર્તાઓ :**

ડુંગરસિંગ પછી તેના વંશજોએ બાર પેઢી સુધી બારિયા રાજ્ય પર સત્તા ભોગવી. તે દરમિયાન પોતાની સત્તા સંગઠિત કરી અને બાહ્ય આક્રમણથી રાજ્યનું રક્ષણ કર્યું. ડુંગરસિંગ પછીના એક રાજા માનસિંગના અવસાન બાદ એક બલુચ સરદારે તેની રાણી અને સગીર કુંવરનું રાજ્ય પડાવી લીધું. રાણી અને કુંવર પ્રિથિરાજે ડુંગરપુરના રાજા(રાણીના પિતા)ને ત્યાં બાર વર્ષ આશ્રય લીધો. ઈ.સ. ૧૮૭૨માં પ્રિથિરાજે લશ્કર સહિત કૂચ કરી, બલુચ સરદારને હાંકી કાઢી રાજ્ય પાછું મેળવ્યું. ત્યાર બાદ હાલનું દેવગઢ બારિયાનગર તેણે વસાવ્યું. આ રાજ્યની આસપાસ ડુંગરો અને જંગલો આવેલાં હોવાથી તે પોતાની સ્વતંત્રતા જાળવી શક્યું હતું. આ રાજ્યને મુસ્લિમ કે મરાઠા સત્તાને કદિ ખંડણી ભરવી પડતી નહોતી કે કોઈ બીજા રાજ્યનું આધિપત્ય તેણે સ્વીકાર્યું નહોતું. પરન્તુ દાહોદ, હાલોલ અને કાલોલ જે સિંધિયાના ત્રણ મહાલ હતા ત્યાંથી ચોથ ઉઘરાવવાનો હક બારિયા રાજ્યને હતો. બ્રિટિશ સરકારે ઈ.સ. ૧૮૧૯ માં ચોથને બદલે તેને સામટી રકમ ચૂકવવાની જવાબદારી સ્વીકારી.

પ્રિથિરાજ પછી રાયધરજી, ગંગદાસજી, ગંભીરસિંગ, પિરતસિંગ અને સાહેબસિંગ નામના રાજાઓ થઈ ગયા. તેમના પછીના યશવંતસિંગના અમલ દરમિયાન ઈ.સ. ૧૮૦૩ માં સૌ પ્રથમવાર અંગ્રેજોનો સંપર્ક થયો, મૈત્રી કરાર કરવામાં આવ્યા અને બ્રિટિશ રક્ષણ આપવાની જાહેરાત કરવામાં આવી. યશવંતસિંગના પુત્ર ગંગદાસજીના અમલ દરમિયાન મરાઠાઓએ ચડાઈઓ કરીને રાજા પાસેથી મોટી રકમો પડાવી. ઈ.સ. ૧૮૦૮ માં બાપુ સિંધિયાએ રૂ. ૨૩,૦૦૦ પડાવી લેવા ઉપરાંત રાજધાનીમાં લૂંટ કરી. ઈ.સ. ૧૮૧૯ માં ગંગદાસનું અવસાન થયું. તેનો પુત્ર સગીર હોવાથી દીવાન રૂપજી દવેએ કાવતરું કર્યું. પરન્તુ છેવટે કૅપ્ટન મેકડોનાલ્ડે દરમિયાનગીરી કરી અને પ્રિથિરાજ બીજાને રાજગાદી સોંપી. તેણે ૧૮૬૪ સુધી, આશરે ૪૪ વર્ષ વ્યવસ્થિત અને સારું રાજ્ય કરવાથી લોકો તેમને માટે આદર અને સદ્‌ભાવ દાખવતા હતા.

**રાજા પ્રિથિરાજ બીજાનું** ઈ.સ. ૧૮૬૪ માં અવસાન થવાથી તેમના કુંવર માનસિંગજી ગાદીએ બેઠા. તેમની ઉંમર નવ વર્ષની હોવાથી બ્રિટિશ પૉલિટિકલ એજન્સી દ્વારા (૧૮૬૫ થી ૧૮૭૬) વહીવટ કરવામાં આવ્યો. કર્નલ બારટને બારિયા રાજ્યમાં વહીવટી સુધારા કરીને તેનો વિકાસ કર્યો. મહેસૂલ ઉઘરાવવા માટે થાણેદારો નીમવામાં આવ્યા. પોલીસ દળ, ન્યાયતંત્ર તથા મહેસૂલનાં અલગ ખાતાં ૧૮૬૭-૬૮માં શરૂ કરવામાં આવ્યાં. જમીનની માપણી કરાવી ગામોની સરહદો નક્કી કરી કૂવા ખોદાવ્યા, વિશ્રામ ગૃહો તથા શાળાનાં મકાનો બંધાવ્યાં અને રસ્તા બાંધવામાં આવ્યા. માનસિંગજીની પુખ્ત વય થતાં ૬ નવેમ્બર, ૧૮૭૬ ના રોજ વહીવટનાં સૂત્રો તેમને

★ નિવૃત્ત અધ્યક્ષ અને પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, એચ.કે.આર્ટ્સ કોલેજ, અમદાવાદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોંપી દેવામાં આવ્યાં.

માનસિંગજી પ્રગતિશીલ વિચારો ધરાવતા પ્રબુદ્ધ રાજા હતા. તેઓ સારા શિકારી તથા રમતવીર હતા. તેમણે ખેતીની સુધારણા તથા ઢોરની સારી જાત માટે પ્રાયોગિક ફાર્મ શરૂ કર્યું. તેમણે ગુજરાતી અને અંગ્રેજી શાળાઓ શરૂ કરી. તેમણે બ્રિટીશ સરકાર સાથે ૧૮૯૨ માં એક કરાર દ્વારા પોતાના રાજ્યની સરહદમાંથી પિપલોદ પાસેથી મુંબઈ-રતલામ રેલ્વે પસાર કરવાની મંજૂરી આપી. ફેબ્રુઆરી, ૧૯૦૮ માં માનસિંગજીનું અવસાન થયું. તેમને બે પુત્રો રણજીતસિંહ અને નહારસિંહ તથા એક પુત્રી સૂરજકુંવરબા હતાં.

મહારાજા રણજીતસિંહનો ૧૯૦૮ માં રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તેમને રાજતિલક કરવા માટે કરડ નદીકાંઠે આવેલા પરોલી ગામના ઠાકોરને બોલાવવામાં આવ્યા. આ માટે એક રસપ્રદ દંતકથા પ્રચલિત છે. પતાઈ રાવળના પતન બાદ તેની એક ગર્ભવતી રાણીએ પરોલીના ઠાકોરને ત્યાં આશ્રય લીધો. ઠાકોરે તેને બહેન માની. તેણે બે કુંવરને જન્મ આપ્યો. ઠાકોરે મામા તરીકે કુંવરોને પાંચ ગામ ભેટ આપ્યાં. તેમણે તેનો વિસ્તાર વધારીને બારિયા રાજ્ય સ્થાપ્યું. ત્યારે મામાએ કુંવરને રાજતિલક કર્યું. તે સમયથી દેવગઢ બારિયાના નવા રાજાના રાજ્યાભિષેક સમયે પરોલીના ઠાકોર રાજતિલક કરે એવો રિવાજ શરૂ થયો. જયદીપસિંહના રાજ્યાભિષેક વખતે પણ, ૧૯૪૮ માં તેમને રાજતિલક કરવા પરોલીના ઠાકોરને બોલાવવામાં આવ્યા હતા.

રણજીતસિંહ તેજસ્વી કારકિર્દી ધરાવતા હતા. તે ઇમ્પિરિયલ કેડેટ કોરમાં જોડાયા અને શ્રેષ્ઠ કેડેટોમાંના એક પુરવાર થયા હતા. એમના કાર્યદક્ષ દીવાન હરિલાલ એમ. પારેખના માર્ગદર્શન હેઠળ એમણે નોંધપાત્ર સુધારા કરવાથી, રણજીતસિંહે સારા વહીવટદાર તથા સુધારક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી, ત્યાર બાદ નડિયાદના મોતીલાલ લલ્લુભાઈ પારેખ ઘણાં વરસો સુધી બારિયા રાજ્યના દીવાન રહ્યા. રણજીતસિંહને બ્રિટિશ સરકાર તરફથી "નાઇટ કમાન્ડર સ્ટાર ઑફ ઇન્ડિયા" (K.C.S.I.)નો ઇલ્કાબ મળ્યો હોવાથી તેઓ 'સર રણજીતસિંહ ' કહેવાતા હતા. તેમણે રાજ્યના લોકોને આધુનિક સગવડો આપીને પ્રગતિશીલ રાજ્ય બનાવ્યું હતું. પાટનગરમાં વિશાળ રસ્તા, વીજળી, વોટર વર્ક્સ, હૉસ્પિટલ, હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા, ટાઉનહૉલ, પુસ્તકાલય, જીમખાના, પ્રાણીઓનું દવાખાનું, ટાવર, રેલવે વગેરે સગવડો ઉપલબ્ધ હતી. આખા રાજ્યમાં શિક્ષણની સુવિધા મફત હતી. લોકોને મળતી સગવડોની સરખામણીમાં ખાસ કરવેરા ભરવા પડતા નહિ. હાઇસ્કૂલમાં બધાને માટે મેટ્રિક સુધી મફત શિક્ષણ મળતું હતું. સારા વહીવટના પરિણામે રાજ્યમાં ચોરી, લૂંટ કે અન્ય ગુનાખોરીનો ભય નહોતો. ઈ.સ. ૧૯૪૮ના જૂનમાં બારિયા રાજ્યનું મુંબઈ રાજ્ય સાથે વિલીનીકરણ થયું.

રણજીતસિંહના અવસાન બાદ તેમના પુત્ર યુવરાજ સુભંગસિંહના જ્યેષ્ઠ પુત્ર જયદીપસિંહનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો, કારણ કે સુભગસિંહ તે અગાઉ અવસાન પામ્યા હતા. રાજ્યનું વિલીનીકરણ થઈ ગયું હોવાથી જયદીપસિંહે દેવગઢ બારિયાની જાહેર પ્રવૃત્તિઓમાં રસ લેવા માંડ્યો. તેમણે ઈ.સ. ૧૯૬૧ અને ત્યારબાદ ગુજરાત રાજ્યની વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટણીઓમાં નોંધપાત્ર બહુમતી મેળવી. તેમણે ગુજરાતમાં સ્વતંત્ર પક્ષના આગેવાન તરીકે તથા કેટલોક સમય ગુજરાત રાજ્યના મંત્રી તરીકે અને ત્યાર પછી ગુજરાત પ્રવાસન નિગમના ચેરમેન તરીકે યશસ્વી સેવાઓ આપી. તેઓ લોકસભામાં પણ મોટી બહુમતીથી ચુંટાયા હતા. તેમણે દેવગઢ બારિયા, નગરપાલિકાના પ્રમુખ તથા બારિયા કેળવણી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી. તેમના પ્રયાસોથી યુવારાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ ૧૯૬૪ના જૂનથી શરૂ કરવામાં આવી. તેઓ રમતોને ખૂબ પ્રોત્સાહન આપતા તથા ભારતના ઉત્તમ 'ડોગ એક્ષ્પર્ટ' તરીકે તેઓ પ્રસિદ્ધ હતા. ઈ.સ. ૧૯૮૭ માં તેમનું દિલ્હીમાં અવસાન થયું.

**શાસનતંત્ર :**

બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ બધાં દેશી રાજ્યો પર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું હતું. આંતરિક વહીવટમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ્યોને સ્વાયત્તતા આપવામાં આવી હતી. પરન્તુ મુંબઈ ઇલાકાના ગવર્નરે નીમેલા **પોલિટિકલ એજન્ટ** કે રેસિડેન્ટ દ્વારા તેમના આંતરિક વહીવટ ઉપર પણ બારીક નજર આપવામાં આવતી હતી. રાજગાદીના વારસદારને લગતા વિખવાદ અથવા દત્તક પુત્ર લેવા માટે કંપની સરકાર દરમિયાનગીરી કરતી હતી. રાજા સગીર હોય તો કંપની સરકાર વહીવટદાર નીમતી. બારિયા રાજ્ય રેવાકાંઠા એજન્સી હેઠળ મૂકવામાં આવેલું બીજા વર્ગનું રાજ્ય હતું. વહીવટ ચલાવવા માટે તેને સાત મહાલોમાં વહેંચવામાં આવ્યું હતું. તેમાં હવેલી, રાજગઢ, સાગટાળા, ધાનપુર લિમખેડા, રણધિકપુર અને દુધિયાનો સમાવેશ થતો હતો. દરેક મહાલના વડા તરીકે **થાણદાર** નીમવામાં આવતા. થાણદાર મહેસૂલી અધિકારી હતા અને તેની પાસે ન્યાયવિષયક સત્તા નહોતી. રાજ્યમાં કારોબારી તથા ન્યાયતંત્રનાં ખાતાં અલગ હતાં. અપીલ માટેની સર્વોચ્ચ અદાલત **હજુર અદાલત** હતી. પ્રત્યેક મહાલમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા એક **ફોજદાર** તથા પ્રત્યેક આઉટ-પોસ્ટમાં એક જમાદાર નીમવામાં આવતો. રાજ્યના પોલીસ ખાતાનો વડો સુપ્રીન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ કહેવાતો. ગામડામાં પોલીસ પટેલ અને કોટવાલ નીમવામાં આવતા. આંતરિક સલામતી માટે રાજ્યમાં **લશ્કર** રાખવામાં આવતું. તેમાં ઇન્ફન્ટ્રીની એક કંપની હતી. આ ઉપરાંત ઘોડેસવાર દળની પણ એક ટુકડી રાખવામાં આવતી હતી.

દેવગઢ બારીઆ રાજ્યમાં **જંગલોની** સમૃદ્ધિ વિપુલ પ્રમાણમાં હોવાથી તેના સંરક્ષણની પૂરતી કાળજી રાખીને તેમાંથી આવક મેળવવામાં આવતી હતી. જંગલોમાં મુખ્યત્વે સાગનાં ઝાડ હતાં. તે ઉપરાંત ડોળી, ટિમ્બર વગેરે વૃક્ષો પણ થતાં હતાં. ઈ.સ. ૧૯૦૨ ના બારીઆ સ્ટેટ ફોરેસ્ટ રૂલ્સ મુજબ જંગલના કેટલાક પ્રદેશો અનામત રાખવામાં આવતા હતા. તે પ્રદેશનાં લાકડાં કાપવાની મનાઈ હતી. કીમતી વૃક્ષો ચોરીથી કપાઈ ન જાય તે માટે એક **ફોરેસ્ટ ઑફિસર** તથા દરેક મહાલમાં જંગલના રક્ષણ માટે એક **રેન્જર** નીમવામાં આવતો હતો.

રાજ્યની આવકનો મુખ્ય ભાગ જંગલની આવકમાંથી થતો હતો. ઈ.સ. ૧૯૧૭-૧૮માં જંગલની આવક રૂપિયા સાડા છ લાખ થતી હતી. તે ૧૯૪૨-૪૩ માં વધીને રૂપિયા સાડા સાત લાખની થઈ હતી. દર વર્ષે હરાજી દ્વારા જંગલનું લાકડું કાપવાનો ઇજારો આપવામાં આવતો. આ ઉપરાંત જમીન મહેસૂલ તથા જકાતમાંથી પણ રાજ્યને આવક થતી હતી. જંગલનાં લાકડાં રાજ્યમાંથી અન્યત્ર મોકલવા માટે પિપલોદ અને દેવગઢ બારીઆ વચ્ચે **નેરોગેજ** રેલવે બાંધવામાં આવી હતી. આ રેલવે બારીઆ રાજ્ય તરફથી બાંધવામાં આવી હતી. જાન્યુઆરી, ૧૯૨૯ માં તે લોકો માટે ખુલ્લી મૂકવામાં આવી. તેની લંબાઈ ૧૬ કિલોમીટર હતી.

**મહત્ત્વની સંસ્થાઓ**

મહારાજા રણજીતસિંહના અમલ દરમિયાન ૨૭ જાન્યુઆરી, ૧૯૧૫ થી દેવગઢ બારીઆમાં **મ્યુનિસિપાલિટી** સ્થાપવામાં આવી. નગરની સફાઈ, સ્વચ્છતા, રસ્તા પર દિવાબત્તી, પહોળા રસ્તા, પાણીના નળ વગેરે સગવડો લોકોને ઉપલબ્ધ હતી.

ઈ.સ. ૧૯૦૫ માં, માનસિંગજીના અમલ દરમિયાન પાટનગરમાં અંગ્રેજી શાળા શરૂ કરવામાં આવી અને ૧૯૧૯ માં તે **સર રણજીતસિંહ હાઇસ્કૂલ** બની. તે અગાઉ માધ્યમિક શિક્ષણ માટે વિદ્યાર્થીઓ અમદાવાદ, વડોદરા, નડિયાદ વગેરે સ્થળે જતા હતા. વિલીનીકરણ બાદ, ઈ.સ. ૧૯૫૨ માં **બારીઆ કેળવણી મંડળે** સર રણજીતસિંહજી હાઈસ્કૂલનો વહીવટ સંભાળી લીધો. આ મંડળના પ્રમુખ તરીકે રસિકલાલ તુલસીદાસ પટેલ તથા માનદ મંત્રી તરીકે બચુભાઈ મૂળજીભાઈ શુક્લે વર્ષો સુધી સેવા આપીને એસ.આર. હાઈસ્કૂલના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું. પંચમહાલ ડિસ્ટ્રીક્ટ હાઇસ્કૂલ્સ એસોસિએશનના પ્રમુખ તરીકે બચુભાઈ શુક્લે શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજીને જિલ્લાના શૈક્ષણિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તે અગાઉ સ્વ. ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યાએ આશરે ત્રીસ વરસ સુધી હાઈસ્કૂલના હેડમાસ્ટર તથા રાજ્યના શિક્ષણ ખાતાના નિયામક તરીકે યશસ્વી સેવાઓ આપી હતી. તેઓ પ્રસિદ્ધ સાહિત્યકાર તથા વિદ્વાન હતા. ત્યારબાદ શ્રી આર. જે. પટેલ, સ્વ. કે. આઈ. શુક્લ તથા શ્રી વિનોદભાઈ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એન. સોનીએ શાળાના આચાર્ય તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપી. વિનોદભાઈ સોનીની શૈક્ષણિક સેવાઓની કદર કરીને ભારતના પ્રમુખે તેમને "શ્રેષ્ઠ શિક્ષક"નો ૧૯૮૬નો એવોર્ડ એનાયત કર્યો હતો.

ઈ.સ. ૧૯૬૪માં બારીઆ હાયર એજ્યુકેશન સોસાયટી દ્વારા **યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ** શરૂ કરવામાં આવી. તે માટે જયદીપસિંહે મકાનની સગવડ કરી આપી હતી. પાછળથી તેની સાથે કાંતિલાલ સબુરદાસ શાહ કોમર્સ કૉલેજ પણ શરૂ કરવામાં આવી.

આ ઉપરાંત સ્વ. એમ. સી. મોદી તથા ઓચ્છવલાલ ગુલાબચંદ શાહ (ભૂરા શેઠ)ના પ્રયાસોથી **'એમ. સી. મોદી હાઈસ્કૂલ'** શરૂ કરવામાં આવી. ઇન્દુભાઈ શુક્લ તથા એસ. એમ. પરીખે આચાર્ય તરીકે તેના વિકાસમાં નોંધપાત્ર સેવા બજાવી છે.

દેવગઢ બારિયાની એસ.આર.હાઇસ્કૂલમાં ૧૯૪૨ માં વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ગણવેશ દાખલ કરવામાં આવ્યો ત્યારે બાબુભાઈ વાડીલાલ કડકિયા તથા પ્રમોદભાઈ સી શાહે **બારિયા વિદ્યાર્થી મંડળ**ની સ્થાપના કરી. આ અગાઉ નીલરત્ન ઓ. દેસાઈ યુવક મંડળ ચલાવતા હતા. ગણવેશના વિરોધમાં હાઈસ્કૂલમાં ૨૦ દિવસની હડતાલ પાડવામાં આવી. ત્યારે કેટલાક યુવકોને જેલમાં પૂરવામાં આવ્યા હતા. આ મંડળ તરફથી કમળાશંકર પંડ્યા, ગેંદાલાલ શાહ, લીલાધર ભટ્ટ વગેરેના ભાષણો રાખવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થી મંડળના ઉપક્રમે આઝાદી અંગેનું પ્રદર્શન ચંપાવાડીમાં યોજવામાં આવ્યું હતું. એક વ્યાયામ શાળા ચલાવવામાં આવતી હતી. આ પ્રવૃત્તિઓમાં હસમુખલાલ વાડીલાલ સોની, નગીનભાઈ શાહ, અરવિંદ માધવલાલ પરીખ વગેરે યુવકો સક્રિય હતા.

**'હિંદ છોડો ' ચળવળ** (૧૯૪૨) દરમિયાન દેવગઢ બારિયામાં રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ કરવાની શક્યતા ન હોવાથી મનુભાઈ ઓ. દેસાઈ, મનુભાઈ ઓ. કડકિયા, ચીમનલાલ શાહ, બાબુભાઈ વા. કડકિયા, રમણિકલાલ ઓ. મોદી, પ્રમોદ ચંદુલાલ, શશીકાંત બક્ષી, નટવરલાલ મ. કડકિયા સહિત ઓગણીસ યુવાનો એ દાહોદ, ગોધરા, કાલોલ વગેરે સ્થળે જઈ, બ્રિટિશ સરકાર વિરુદ્ધ સરઘસો કાઢી, સૂત્રોચ્ચાર કરી ધરપકડ વહોરી લીધી અને બેથી ચાર માસનો કારાવાસ ભોગવ્યો હતો. આ દરમિયાન અમદાવાદમાં બૉમ્બ પ્રવૃત્તિમાં ભાગ લઈને નાસી ગયેલા અજિતકુમાર પટેલ (પછીથી ડૉક્ટર) ગુપ્તવાસ સેવવા બારિયામાં ડૉ. મનુભાઈ પંડ્યા તથા બાપુરાવ એન. દેવને ઘેર રહ્યા હતા. આ અરસામાં બાપુરાવ દેવ, ઇન્દ્રવદન જેઠાલાલ પુરાણી, અર્જુનસિંહ ચૌહાણ તતા ભીખાલાલ પરીખે અભ્યાસ છોડીને બારિયામાં રાજ્યના અધિકારીઓ વિરુદ્ધ ગુપ્ત પત્રિકાઓ પ્રગટ કરી. અજિતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેઓએ દારૂગોળાના ચાલીસ બૉમ્બ બનાવ્યા, તથા કેટલાક બૉમ્બ છોટુભાઈ પુરાણીના જૂથ પાસેથી મેળવીને સંતરોડ પાસે પાનમ નદીનો પુલ ઉડાવી દેવા, તેના થાંભલા પાસે મૂક્યા. તે બૉમ્બના ધડાકાથી પુલને નુકસાન થયું. તેમાંના કેટલાક બૉમ્બ ડૉ. કુંભાણીના બંગલા પાસે, ચબૂતરા પાસે, કચેરીના કમ્પાઉન્ડમાં તથા હેડમાસ્ટર ગજેન્દ્રશંકર પંડ્યાના રહેઠાણ પાસે મૂક્યા અને તેનો ધડાકા થયા હતા. આના પરિણામે બાપુરાવ દેવના પિતાશ્રી નાથુરાવને બારીઆ રાજ્યની નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા. તેમની આર્થિક સ્થિતિ સાધારણ હતી. તેથી દેવગઢ બારિયાના મહાજનો તરફથી તેમને ઘેર અનાજ, કરિયાણું સહિત બધી જરૂરિયાતની વસ્તુઓ વિના મૂલ્યે પહોંચાડવાની વ્યવસ્થા ગામના લોકો દ્વારા થઈ હતી. દેવગઢ બારિયાના લોકોનો સંપ, પરસ્પર પ્રેમ, સદ્ભાવ તથા સહાનુભૂતિની ઉમદા લાગણી આફતના સમયે આ રીતે જોવા મળી. આજે પણ બાપુરાવ દેવ ગામના લોકોના નિષ્કામ પ્રેમને સહૃદયતાપૂર્વક યાદ કરે છે.

દેવગઢ બારિયાના વતની હરિપ્રસાદ મણિશંકર શુક્લની આગેવાની હેઠળ 'હિંદ છોડો' ચળવળ દરમિયાન, ૯ ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ કાલોલ તથા આસપાસનાં ગામોનાં બજારો તથા શાળાઓમાં હડતાલ પડાવવામાં આવી. તે દ્વારા લોકોમાં આઝાદીની ઉત્સુકતા જાગૃત કરવામાં આવી. હરિપ્રસાદભાઈએ પત્રિકાઓ પ્રગટ કરી તથા ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. તેથી તેમની ધરપકડ કરી, ગોધરા સબજેલમાં રાખી કેસ કરવામાં આવ્યો. કેસમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરાવાના અભાવે, સાત મહિના જેલમાં રહી નિર્દોષ છુટ્યા. તે પછી તરત તેમની ફરી વાર ધરપકડ કરી આશરે આઠ મહિના-નવેમ્બર, ૧૯૪૩ સુધી સાબરમતી સેન્ટ્રલ જેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૫૬ના ઑગસ્ટમાં પ્રવીણચંદ્ર રમણલાલ કડકિયા, રજનીકાંત ઓ. કડકિયા, જયકુમાર શુક્લ વગેરે દ્વારા યુવક મંડળ સ્થાપવામાં આવ્યું. રમેશચંદ્ર ગાંડાલાલ પરીખ, જશવંત જેઠાલાલ શુક્લ તથા જયકુમાર ર. શુક્લે તેના પ્રમુખ તરીકે કામ કર્યું. આ મંડળ તરફથી નિબંધ હરીફાઈ, વક્તૃત્વ હરીફાઈ, શ્રમયજ્ઞો, કોચિંગ ક્લાસ, પ્રદર્શન તથા ડાહ્યાભાઈ નાયક, યશવંતભાઈ શુક્લ, ડૉ. આર.ડી.દેસાઈ, ઈશ્વર પેટલીકર, રામચંદ્ર શુક્લ, ગજેન્દ્ર શંકર લા. પડ્યા વગેરેનાં પ્રવચનો યોજવામાં આવ્યાં હતાં.

ઈ.સ. ૧૯૬૨માં 'બારિયા મહિલા મંડળ'ની સ્થાપના કરવામાં આવી. એના તરફથી સીવણના વર્ગો ચલાવવામાં આવતા, ગરબા અને રમતોની હરીફાઈઓ યોજવામાં આવતી તથા આનંદબજાર અને અભ્યાસવર્તુળની પ્રવૃત્તિઓ થતી હતી. તેમાં ૨૦૦ જેટલી મહિલાઓ સભ્ય બની હતી. અખિલ હિંદ મહિલા મંડળની ગુજરાત શાખા સાથે તે જોડાયેલું હતું.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પહેલાં, દેવગઢ બારિયામાં દશેરાના દિવસે લોકોનો મોટો મેળો ભરાતો. આસપાસના ગામોનાં હજારો ભીલ, કોળી વગેરે ગ્રામવાસીઓ મેળામાં ભેગા થતા. વાંસળી વગાડી પોતપોતાના જૂથમાં નાચી કૂદીને આનંદ કરતા. તે દિવસે સાંજે હાથી, ઘોડા, લશ્કર વગેરે સહિત રાજાની ભવ્ય સવારી નીકળતી. રાજ્યમાં હોળી, જન્માષ્ટમી, શિવરાત્રી, દિવાળી વગેરે ધાર્મિક તહેવારો લોકો આનંદ અને ઉત્સાહથી ઉજવાતા હતા.

## સંદર્ભ સૂચિ


૧. ધ રૂલિંગ પ્રિન્સિઝ, ચીફ્સ એન્ડ લીડિંગ પર્સોનેજિઝ ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સી.
૨. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ : પંચમહાલ્સ ડિસ્ટ્રિક્ટ (૧૯૭૨).
૩. રેવાકાંઠા ડિરેક્ટરી
૪. બારત રાજ્યમંડળ, ડાકોર, ૧૯૦૨. લે. : અમૃતલાલ ગો. શાહ
૫. પરીખ અને શાસ્ત્રી : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ : ૬,૭,૮ (અમદાવાદ)
૬. વ્યક્તિગત મુલાકાતો
   (i) ડૉ. અજિતકુમાર પટેલ : સ્વાતંત્ર્ય સૈનિક, મ્યુનિસિપલ કૉર્પોરેટર અને જનરલ મેડિકલ પ્રેક્ટીશનર, અમદાવાદ.
   (ii) ડૉ. મનુભાઈ ગંગાશંકર પંડ્યા : મેડિકલ પ્રેક્ટીશનર અને જાહેર કાર્યકર, દેવગઢ બારીઆ.
   (iii) બાપુરાવ નાથુરાવ દેવ : સ્વાતંત્ર્ય સૈનિક, આર્કિટેક્ટ, અમદાવાદ.
   (vi) હરિપ્રસાદ મણિશંકર શુક્લ : સ્વાતંત્ર્ય સૈનિક અને વરિષ્ઠ પત્રકાર, અમદાવાદ.
   (v) બાબુભાઈ વાડીલાલ કડકિયા : સ્વાતંત્ર્ય સૈનિક, વિદ્યાર્થી નેતા, જાહેર કાર્યકર, વેપારી, મુંબઈ.
   (vi) મનુભાઈ ઓચ્છવલાલ દેસાઈ : સ્વાતંત્ર્ય સૈનિક, નિવૃત્ત બેન્કર, વડોદરા.
   (vii) હસમુખલાલ વાડીલાલ સોની : વિદ્યાર્થી નેતા, જાહેર કાર્યકર, પૂર્વ પ્રમુખ, નગરપાલિકા દેવગઢ બારીઆ.
   (viii) નટવરલાલ કડકિયા : સ્વાતંત્ર્ય સૈનિક, કૉંગ્રેસી આગેવાન, પૂર્વપ્રમુખ, તાલુકા કૉંગ્રેસ સમિતિ, સહકારી આગેવાન.
   (ix) વિનોદલાલ એન. સોની, નિવૃત્ત આચાર્ય, એસ.આર. હાઈસ્કૂલ, શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટપતિ એવોર્ડ વિજેતા ૧૯૮૬, દેવગઢબારીઆ.
૭. જયકુમાર ર. શુક્લ (સંપાદક) : ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકોનો માહિતીકોશ (અમદાવાદ, ૧૯૯૮).
૮. જયકુમાર ર. શુક્લ : બેતાલીસમાં ગુજરાત (અમદાવાદ, ૧૯૯૩).




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ ભગવદ્ગીતાની પ્રણાલિભંજકતા

– પ્રા. રવીન્દ્ર વી. ખાંડવાળા*

હિન્દુ ધર્મની એ વિશેષતા રહી છે કે તે સતત આત્મનિરીક્ષણ કરતો આવ્યો છે, સાથે સાથે આત્મપરિવર્તન પણ. ગંગાનો પ્રવાહ એકધાર્યો વહે છે, પણ જો તેમાં કચરો ભેગો થાય તો બહાર ફેંકી દે છે. તેવું જ કાર્ય આ સનાતન ધર્મનું પણ છે. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે પરિવર્તનની આવશ્યકતા જણાઈ, ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે આ ધર્મમાં સતત પરિવર્તન આવતાં રહ્યાં છે. નવાં પરિબળો ઉમેરાતાં ગયાં છે, જૂના ખ્યાલોને નવા આયામો અપાતા રહ્યા છે. પરિણામે પુરાતન હોવા છતાં નિત્ય નવીન એ રહ્યો છે. ક્રાંતિકારી, રૂઢિભંજક ભગવાન શ્રીકૃષ્ણે 'ગીતા' દ્વારા હિન્દુ ધર્મના જ રૂઢ વિચારોમાં આમૂલ પરિવર્તન આણ્યું છે અને સનાતન હિન્દુ ધર્મની નિત્યનૂતનતા પુનઃ પ્રસ્થાપિત કરી છે.

શ્રીમદ્ભગવદ્ગીતાનો પ્રારંભ જ રૂઢિથી પીડાતા જીવાત્માનો (અર્જુનનો) છે. અર્જુન શ્રીકૃષ્ણને હિંસા, પાપ, કુળનાશ, વર્ણસંકર વગેરે રૂઢિગત બાબતોની વાત કરે છે. ત્યારે અહીં સ્વયં શ્રીકૃષ્ણ કહે છે કે સ્વજનો જો આતતાયી હોય તો તેમને મારવામાં હિંસા નથી, પાપ નથી, અને જો તું નહીં મારે તો પાપ અવશ્ય લાગશે એમ કહીને સ્વધર્મના પાલનનો નવો સિદ્ધાન્ત રજૂ કર્યો અને હિંસા-અહિંસા અને પાપ-પુણ્યના રૂઢિગત વિચારોને તિલાંજલિ આપી.

ગીતાના સર્જન પૂર્વે અર્થાત્ પૂર્વમીમાંસાના સમયમાં વેદો સર્વોપરિ ગણાતા હતા અને તે અર્થમાં કે વૈદિક કર્મકાંડ વિના સ્વર્ગ નહિ, સિદ્ધિ નહીં એવી માન્યતાઓ રૂઢ થયેલી હતી, ગીતાએ તેને **'पुष्पिता वाचं'** કહી એ કહેનારાઓને **'अविपश्चितः'** કહ્યા અને જાહેર કર્યું કે વેદો ત્રિગુણાત્મક ભેદવાળા છે, માટે હે અર્જુન તું ગુણાતીત થા. ગીતાની આ મોટામાં મોટી રૂઢિભંજકતા છે. ગીતાના ૮ મા અધ્યાયમાં પણ શ્રીકૃષ્ણ કહે છે કે ''વૈદિક સકામ કર્મો કરીને, યજ્ઞો વડે યજન કરીને સ્વર્ગલોક પ્રાપ્ત થાય છે પણ પુણ્યો ક્ષીણ થતાં મૃત્યુલોકમાં પરત આવવું જ પડે છે. આમ, ત્રણ વેદોમાં સકામ કર્મ, ધર્મનો આશ્રય કરનાર, કામભોગોની ઇચ્છા રાખનારા જન્મમરણ ભોગવે છે.''[1] અહીં વૈદિક-યાજ્ઞિક ક્રિયાકાંડ કરવાની રૂઢ માન્યતાઓ પર સીધો જ કુઠારાઘાત થયો છે. તેના વિકલ્પ રૂપે ગીતાએ 'કર્મયોગ' અને તે પણ નિષ્કામ કર્મયોગની નૂતન પરિકલ્પના પ્રસ્થાપિત કરી કહ્યું-**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** । (૨.૪૭) સાથે સાથે જ્ઞાનીએ પણ કર્મ કરવું જોઈએ એવો લોકસંગ્રહનો આખો નવો ખ્યાલ પ્રસ્થાપિત રૂઢિ સામેની જલતી મશાલ જેવો છે. શ્રીકૃષ્ણ કહે છે, 'જનકાદિ (જ્ઞાનીઓ પણ) કર્મ વડે જ પરમ સિદ્ધિને પામ્યા છે. લોકસંગ્રહને ખાતર પણ તારે કર્મ કરવું ઘટે.'[2] આમ, વ્યવહારમાં રહેતાં રહેતાં કેવી રીતે નિઃસ્પૃહ રહી શકાય તેનો માર્ગ અહીં બતાવ્યો છે. અહીં 'જ્ઞાનમાર્ગથી જ મોક્ષ મળે' એ રૂઢિગત વિચારોની સામે કર્મયોગથી પણ મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ ગીતા જણાવે છે.

ગીતા યજ્ઞની પ્રચલિત વ્યાખ્યાનો નિષેધ કરીને કહે છે- પ્રવાહ પ્રાપ્ત કર્મ નિષ્કામભાવે કરવું એ જ ખરો યજ્ઞ, એમ યજ્ઞની નવી વિભાવના રજૂ કરી.

જ્ઞાનયોગને સ્પર્શીએ તો **'अहं ब्रह्मास्मि'**, **'तत्त्वमसि'**, **'अयमात्मा ब्रह्म'** એવી અદ્વૈતની વાતો ઉપનિષદમાં મળે છે. ઘણી જગ્યાએ દ્વૈતની ભાવના પ્રાપ્ત થાય છે. તો આ સિદ્ધાન્તો સામે ક્ષર, અક્ષર અને તેનાથી પણ પર પુરુષોત્તમની નવી વાત રજૂ કરી, તેમણે ઉપનિષદોના સિદ્ધાન્તોમાં ભક્તિનું નવું તત્ત્વ સંમિલિત કર્યું અને **'वासुदेव**

★ સંસ્કૃત વિભાગ, શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इदं सर्वम्' એમ જાહેર કર્યું અને સૌથી નોંધનીય, પ્રશંસનીય અને એક સુખદ આશ્વાસનરૂપ એવું અભય વચન શ્રીકૃષ્ણે ભક્તોને માટે આપ્યું : ''જે લોકો અનન્ય ભાવે મારું ચિંતન કરતાં મને ઉપાસે છે, તેવા નિત્ય યોગયુક્ત પુરુષોના યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) તથા ક્ષેમ (પ્રાપ્તિની રક્ષા) હું વહું છું.[૩]

ઉપનિષદોમાં ભક્તિનો ક્યાંક નિર્દેશ હશે પણ વિસ્તૃત ચર્ચા નથી, નથી અને નથી જ. સ્ત્રીઓ, શૂદ્રો, વૈશ્યો વગેરેને વેદના અધ્યયનથી વંચિત રાખવામાં આવ્યાં. આની સામે ગીતાએ સૌને માટે ભક્તિનાં દ્વાર ખોલી દીધાં અને સ્પષ્ટ જાહેર કર્યું કે- ''વળી હે પાર્થ ! મારો આશ્રય કરીને સ્ત્રીઓ, વૈશ્ય, શૂદ્ર અને જે પાપયોનિ હોય છે તેઓ પણ પરાગતિને પામે છે.''[૪]

આમ, શ્રદ્ધા એ જ્ઞાન મેળવવાનું પ્રથમ પગથિયું છે એમ સ્પષ્ટ કર્યું.

રૂઢિ કહેતી હતી કે મંદિરમાં જાવ, પણ મંદિરની મૂર્તિમાં જ ભગવાન નથી, એમ ઈશ્વરનું સર્વવ્યાપિત્વ સમજાવવા માટે એક બાજુ કૃષ્ણે 'વિભૂતિયોગ' રજૂ કર્યો અને કહ્યું કે જગતના અણુએ અણુમાં ઈશ્વર છે, તો બીજી બાજુ ઈશ્વર પ્રત્યે નાસ્તિક ભાવ રાખનારાઓ માટે 'વિશ્વરૂપદર્શનયોગ' વિસ્તારથી રજૂ કર્યો.

આપણાં ધર્મશાસ્ત્રોને સ્પર્શીએ તો ગીતાએ, મનુસ્મૃતિના*વર્ણાશ્રમમાંથી વર્ણની વિભાવનાને સ્વીકારી ખરી, પણ સાથે સાથે કહ્યું કે-'गुण कर्म विभागशः चातुर्वर्ण्यं मया सृष्टं' ગુણ અને કર્મને આધારે મેં ચાર વર્ણો સર્જ્યા છે. શ્રીકૃષ્ણે ગીતામાં ધર્મશાસ્ત્રોના આશ્રમના ખ્યાલને તો વળી ખૂણામાં મૂકી દીધો. સમગ્ર ગીતામાં 'આશ્રમ' શબ્દનો પ્રયોગ જ નથી. તો બીજી બાજુ જેના પેટ ભરીને વખાણ થયા છે તેવા બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ કે વાનપ્રસ્થાશ્રમની કોઈ વાત જ નથી. હા, 'संन्यास' શબ્દ છે, 'સંન્યાસયોગ' છે પણ ગીતાનો 'સંન્યાસયોગ' એ ધર્મશાસ્ત્રના સંન્યાસાશ્રમથી તદ્દન ભિન્ન છે. ગીતા ખરો 'સંન્યાસી' કોણ ? તેની વ્યાખ્યા આપતાં કહે છે –

''કર્મફળનો આશ્રય લીધા વિના જે (મનુષ્ય) કર્તવ્ય કર્મ કરે છે તે સંન્યાસી છે, તે યોગી છે. (માત્ર) અગ્નિને ત્યજનાર (સંન્યાસી) નથી અને (માત્ર) ક્રિયા નહિ કરનાર (યોગી) નથી.''[૫]

જ્યારે મનુસ્મૃતિના મતે તો જે નિરગ્નિ હોય, જે અગ્નિહોત્ર કરે નહિ, જે અક્રિય, વેદઅધ્યયન, યજ્ઞયાગ કરે નહીં તે અને કેવળ ત્યાગ તે સંન્યાસી કહેવાય. પણ કર્મના ફળ તરફ અનાસક્તિ રાખી કર્મ કર્યા જવા એને પણ ગીતા સંન્યાસ કહે છે. જે નિરગ્નિ, અક્રિય હોય તે સંન્યાસી નહિ. ગીતામાં ૧૮ મા અધ્યાયમાં કૃષ્ણ કહે છે કામ્ય કર્મોનો ત્યાગ તેનું નામ જ સંન્યાસ.[૬] અને આમ સંન્યાસ માટે પણ લોકહિતાર્થ કર્મ આવશ્યક કર્યાં.

અત્રે સૌથી વધુ નોંધનીય બાબત એ છે કે આપણા બધા જ દર્શનો એકાંગી અને આત્યન્તિક હતાં, ત્યારે શ્રીમદ્ ભગવદ્ગીતાએ સર્વાંગી દર્શન રજૂ કર્યું છે. તેણે કર્મ, ભક્તિ અને જ્ઞાનનો-ત્રણેયનો સમન્વય, સમુચ્ચય કરી આપ્યો છે. ગીતા અંતે તો કહેવા માંગે છે કે આ ત્રણેયના સહકારથી જ વ્યવહાર ચાલે છે. જીવનમાં ત્રણેયની સરખી જરૂરિયાત છે. એ યાદ રાખવું ઘટે.

પાપ-પુણ્યથી પ્રાપ્ત થતા ચર્તુલોકની ધર્મશાસ્ત્રોની વિભાવનાનું નિરસન કરતાં ગીતા કહે છે- ''उभे सुकृतदुष्कृत इह जहाति मनीषिणः ।''–અર્થાત્ આ લોકમાં જ પાપ અને પુણ્ય ભોગવવાના છે. 'योग' વિશેની એક એવી પ્રસ્થાપિત રૂઢિ પતંજલિ દ્વારા શરૂ થઈ હતી કે 'योगश्चित्त निरोधः ।' પણ ગીતાએ 'योग'ની નવી વ્યાખ્યા, વિભાવના રજૂ કરી કહ્યું 'योगः कर्मसु कौशलम्' । અર્થાત્ કર્મો કરવામાં કુશળતા તે જ ખરો યોગ. માત્ર શ્વાસને રોકી રાખી, નાસિકા મધ્યે આંખને સ્થિર કરવી તે જ યોગ નથી.

બીજી બાજુ 'कर्मणा बाध्यते जन्तु' એવી ભાવનાને બદલી કાઢીને કર્મ બંધનકર્તા નથી પણ કર્મ પાછળની ભાવના બંધનકર્તા છે. તે વાત પ્રસ્થાપિત કરવા નિષ્કામ કર્મનો સિદ્ધાંત આગવી રીતે સ્થાપ્યો. કૃષ્ણ કહે છે :



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"सहजं कर्म कौन्तेय सदोषं अपि न त्यजेत् ।"

અર્થાત્ 'સહજ કર્મ દોષવાળું હોય તો પણ છોડવું નહિ.' એ વાત પહેલી જ વાર ગીતા કરે છે. કર્મનો ત્યાગ કરીને ખૂણામાં બેસી જનારની સામે ગીતાએ આ રીતે જેહાદ પોકારી છે, એવું મને લાગે છે. આદિ શંકરાચાર્યે ભલે 'જ્ઞાન'ને પ્રાધાન્ય આપી પોતાના સિદ્ધાંતો રજૂ કર્યા પણ આપણે એ ન ભૂલવું જોઈએ કે ઉત્તમોત્તમ ભક્તિ-સ્તોત્રો પણ તેમણે જ આપ્યાં છે અને કર્મ પણ કર્યા વિના તેઓ રહ્યા નથી. સમગ્ર ભારતની ત્રણ-ત્રણ વાર પ્રદક્ષિણા, ૪ આશ્રમો ૪ દિશામાં સ્થાપ્યાં-આ બધું શું છે ? કર્મ જ છે ને ! આમ, એક રીતે તો શંકરાચાર્યે પણ જ્ઞાન-ભક્તિ અને કર્મનો સમન્વય પોતાના જીવન દરમ્યાન સાધ્યો જ હતો.

એક સ્થળે પ્રસંગ પ્રાપ્ત થતાં ગીતાએ બૌદ્ધોના સિદ્ધાંતનું પણ ભંજન કરવાનું છોડ્યું નથી. કૃષ્ણ કહે છે- "अनित्यं असुखं लोकम् इमं प्राप्य भजस्व माम् ।" અહીં अनित्यं=ક્ષણિક, असुखं=દુઃખ, આમ, 'सर्वं क्षणिकं, सर्वं दुःखं' એવા બૌદ્ધ ધર્મને ત્યજી દઈને મારું શરણ લે એમ ભક્તિનું પ્રાધાન્ય સ્થાપવાનું જાણે કે ગર્ભિત સૂચન કરતા હોય તેમ લાગે છે.

આમ, અનેક રૂઢિગત વિચારોને, માન્યતાઓને, પ્રણાલિકાઓને સુધારી મૂળે કુઠારાઘાત કર્યા છે અને તેમાંની કેટલીકને નવો ઓપ, સ્વરૂપ અને આયામ આપ્યો અને એ દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતાએ સામાન્ય મનુષ્યને માટે ભક્તિનો માર્ગ સ્થાપ્યો અને સર્વગુહ્ય વાત જાહેર કરી :

"सर्व धर्मान् परित्यज्य मां एकं शरणं व्रज ।"

ગીતાની રૂઢિભંજકતાની પરાકાષ્ઠા ત્યારે આવે છે કે જ્યારે ઉપરનું વિધાન પરંપરાગત ગુરુઓના વિધાન તરીકે ખપી ન જાય તે માટે છેવટે કૃષ્ણે તો એમ જ કહ્યું કે-

"यथेच्छसि तथा कुरु ।" અર્થાત્ 'તને જેમ યોગ્ય લાગે તેમ તું કર', અહીં ગર્ભિત રીતે તેઓ કહે છે કે ધર્મશાસ્ત્રો કહે તેમ નહીં. આમ, અંતે તો ગીતા વ્યક્તિને મહત્ત્વ આપે છે. તેને પોતાને પોતાનું જીવન જીવવાનું સ્વાતન્ત્ર્ય છે એમ શીખ આપી જાય છે.

**पादटीप**

१. ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥ ९-२१

२. कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ ३-२०

३. अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ९-३२

४. मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ ९-३२

५. अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च निरग्निर्न चाक्रियः ॥ ६-१

६. काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः । १८-२



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રિટિશ શાસનમાં બહારવટિયો બાબર દેવા

– તળપદા વિનુભાઈ બી.*

બાબર દેવા નામનો પાટણવાડિયો ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના ગોરેલ ગામનો વતની હતો. ખેડા જિલ્લાની બારૈયા કોમ મૂળ ક્ષત્રિય જાતિ સ્વમાની છે. શાહુકારોના સીતમ અને અન્યાયને કારણે બહારવટે ચડેલા કેટલાક સ્વમાની બારૈયાઓ પણ આ પ્રદેશમાં થઈ ગયા છે. બાબરદેવા આ પ્રકારનો સ્વમાની બહારવટિયો હતો. આ બહારવટિયો સ્ત્રીઓને લૂંટતો નહીં. શાળાના બાળકોને દૂધ પીવડાવતો. બ્રાહ્મણોને જમાડતો, ગરીબ બ્રાહ્મણોની દીકરીને પરણાવી આપતો. આ બધી સેવા પ્રવૃત્તિઓ કરતો. આ કારણે બાબર લોકપ્રિય બન્યો હતો.

બોરસદ તાલુકામાં અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન ત્રણ રાજ્યોની સરહદો જોડાયેલી હતી. ખંભાતનું નવાબી રાજ્ય, વડોદરાનું ગાયકવાડી રાજ્ય અને બ્રિટિશ રાજ્ય, આ ત્રણેય રાજ્યોની સરહદો એકબીજા સાથે સંકળાયેલી હતી.

ગોરેલ ગામ બ્રિટિશ હકૂમત હેઠળ હતું. આ પ્રદેશની બારૈયા કોમને ક્રિમિનલ ટ્રાઈલ એક્ટ (ગુનેગાર જાતિ) મુજબ સવાર-સાંજ પોલીસ થાણામાં હાજરી આપવી પડતી. જો કોઈ કારણસર કોઈ વ્યક્તિ ગેરહાજર રહે તો તેને જેલમાં છ માસની સજા થતી. એક વખત બાબરની ગેરહાજરી પડી તો તેને જેલમાં મોકલી દેવાયો. બાબર જેલ તોડીને બહાર નીકળી ગયો. અને તેણે ૧૯૧૭ માં બહારવટું શરૂ કર્યું. બાબરનો બહારવટું કરવા પાછળનો હેતુ પોતાના માબાપને જેલમાં ધકેલનાર રાજસત્તાની સામે બદલો લેવાનો હતો. તેમ જ પૈસાદારોને લૂંટીને ગરીબોને ધન આપવાનો હતો. બાબર અભણ હોવા છતાં હોંશિયાર અને બાહોશ હતો. બાબર વેશપલટામાં નિપુણ હતો. વેશપલટા દ્વારા સરકારને ઘણી વાર હાથતાળી દેતો. બાબર દેવાનું સારું પાસું એ હતું કે તે ચારિત્ર્યવાન હતો. તેની બહેન બાઈ ખોટીના સંબંધો પોલીસ સાથે હતા. એવું માલૂમ પડતાં તેણે પોતાની બહેનનું ખૂન કર્યું હતું. અને તેની યાદમાં ગોરેલ ગામની પશ્ચિમ દિશાએ તુલસીક્યારો અને ચોતરો બનાવડાવેલ છે. જે હાલ પણ દષ્ટિગોચર થાય છે.

બાબર દેવા ખોડિયાર માતાનો પરમભક્ત હતો. દર પૂનમે સત્યનારાયણની કથાઓ કરાવતો. તે ગોધરાની આજુબાજુના ગામડાઓમાં ઉનાળાની ગરમીના દિવસોમાં પાણીની પરબો મંડાવતો, આણંદ જિલ્લાના ભાલેજ બાજુના કૂવાઓનું સમારકામ પણ તેણે કરાવ્યું. ગામડાના ગરીબ લોકોને આર્થિક રીતે ખાનગી મદદ કરતો. આમ તેના સેવાભાવી કાર્યોથી લોકો બાબર પ્રત્યે સહાનૂભૂતિ રાખતા.

બાબરે ચરોતરમાં અનેક ખૂનો કર્યાં છે. કોઈ વ્યક્તિ સરકારને તેના વિશે જાણ કરે તો તેને ખતમ કરી દેતો. આ બાબતમાં બાબરે પોતાના સગા કાકા કે સગા સબંધીને પણ છોડ્યા નથી. બાબર બહારવટું કરતો હતો તે સમયે તેના નામે બીજા કેટલાક ધાડપાડુઓ પણ લૂંટફાટ કરવામાં સામેલ થયા હતા. તેમનાં ખરાબ કૃત્યો પણ બાબરના નામે જોડી દેવામાં આવતા. પ્રજા તો એમ જ સમજતી કે આ બધા ખૂનો કરવામાં બાબર જ સામેલ છે.

બાબરે સરકારને છેતરવા માટે નવી જાતના બૂટ બનાવડાવ્યા હતા. જેમાં આગળ પાછળ બંન્ને બાજુ ચાંચવાળા હતા. આ જોડા પહેલીને ફરવાથી માણસ કઈ દિશામાં ગયો છે. તેનું કોઈ પગેરું મળતું નહીં. બાબર પોતાના ભોજન માટે એટલો જ સજાગ રહેતો કારણ કે તેના ખોરાકમાં ઝેરી પદાર્થ તો નથી ભેળવ્યો ને ? પ્રથમ ભોજન કૂતરા કે બિલાડાને ખવડાવ્યા પછી જ જમતો. બાબરની ટોળકીમાં જોડાયેલ સાથીદારો જેવા કે ગીરધારી બાવો, શીવલો સોમલો, કાશીયો, ત્રિકમ, ડાભલો, મથુરભઈજી, રામસિંગ, અભેસિંગ બાધરદાદા, ગગલો,

★ નલીની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિયાકતખાં, અલીમિયાં વગેરે જુદી જુદી જ્ઞાતિના સાથીદારો હતા. બાબર પડાવ મહીકાંઠાના કોતરોમાં નાખતો, સરકારે બાબરને પકડવા માટે અનેક નિરર્થક પ્રયત્નો કર્યા. તે સમયે બોરસદ તાલુકાની પોલીસ પણ બહારવટિયાઓ સાથે સાંઠગાંઠ ધરાવતી હતી. બાબરને પોલીસખાતું પકડી શકતું ન હતું. કારણ કે બાબરને પકડવા માટેની બાતમી પોલીસ જ બાબરને આપી દેતી. આ વિસ્તારમાં બાબર વિશે બાતમી આપનારે પોતાના જાન ગૂમાવ્યા છે. જ્યારે પોલીસખાતાની એક પણ વ્યક્તિએ પોતાનો જાન ગુમાવ્યો નથી. મોટા અમલદારો પણ બાબરથી ધ્રૂજતા.

"એક ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટ વાસદથી બોરસદ જતા હતા. તેમને રસ્તામાં અચાનક બહારવટિયાનો ભેટો થઈ ગયો. બહારવટિયાએ મેજિસ્ટ્રેટ પાસેથી બંદૂક ઝૂંટવી લીધી. મેજિસ્ટ્રેટે પોતાનો જીવ બચાવવા કાલાવાલા કરતાં કહ્યું કે હું તો એક કારકુન છું એટલે મેજિસ્ટ્રેટને જવા દીધો."

બોરસદ તાલુકામાં બાબરદેવા ઉપરાંત બોરસદ ગામનો અલી નામનો મુસલમાન પણ લૂંટફાટ ચલાવતો. અલી પોલીસના હાથે પકડાયો. તેને કાચી જેલની સજા થઈ, સરકાર સાથે અલીએ કેટલીક મસલતો કરી સરકારે અલીને કહ્યું કે તારે છૂટવું હોય તો બાબરને પકડાવી આપ. અલી સરકાર સાથે કબૂલ થયો. અલી બાબરને ફસાવવાની પેરવી કરવા લાગ્યો. અલી બાબરને મળ્યો. પણ બાબરને અલીના કાવતરા અંગે ગંધ આવી ગઈ, એટલે બાબરે અલીને મળવાનું ટાળ્યું. આમ બાબર કેટલો ચબરાક અને સજાગ હતો તેનો આપણને ખ્યાલ આવે છે. અલીએ સરકારને કહ્યું કે બાબર મારી ઉપર વહેમાયો છે. એટલે મને લૂંટફાટ કરવાની છૂટછાટ આપો. પછી સમય આવ્યે હું બાબરને પકડાવી દઈશ. પોલીસે અલીની વાતને મંજૂર રાખી. અલી લૂંટફાટમાંથી કેટલોક હિસ્સો પોલીસોને આપતો. પોલીસો અલીને બંદૂકો અને કારતૂસો પણ આપતા.

ખેડા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં બહારવટિયાઓનો ત્રાસ વધવા લાગ્યો હતો. હવે પ્રજા દ્વારા સરકાર પર દબાણ થવા લાગ્યું. સરકારે બોરસદ તાલુકામાં 'પ્યુનિટિવ પોલીસ' મૂકી. પોલીસો પણ ગામડાની પ્રજાને હેરાન પરેશાન કરતા. પોલીસોના ઘોડાઓને ઘાસ ખાવા માટે પાટીદારોના પાંચ પૂળા અને બારૈયાઓના ત્રણ પૂળા લેતા. થાણામાં પાણી ભરવા માટે કુંભ[illegible]ના વારા કાઢ્યા હતા.

સરકારે પ્રજાને રક્ષણ આપવાના બહાના હેઠળ વધારાની પોલીસ ગોઠવી. તેના માટે સરકારે બોરસદ તાલુકાના લોકોને જવાબદાર ઠેરવ્યા. લોકો પર ડાકુઓને સહાય આપવાનો અને છાવરવાનો આરોપ મૂક્યો. બોરસદ તાલુકાના ૮૮ અને આણંદ તાલુકાના ૧૪ ગામો પર રૂા. ૨,૪૦,૦૭૪/- નો શિક્ષાત્મક દંડરૂપે કર નાખ્યો. જે હૈડિયા વેરા તરીકે પ્રચલિત બન્યો. આ કર પ્રજા માટે અન્યાયી હતો. આ કરના પ્રશ્ને સરદાર પટેલને ફરિયાદ મળી, આ અમાનુષી કરને નાબૂદ કરવા માટે સરદારે આગેવાની લીધી. બોરસદની પ્રજાના પ્રશ્નોની સાચી જાણકારી મેળવવા માટે સરદારે મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજની તપાસ સમિતિની રચના કરી. ૨ જી ડિસેમ્બર ૧૯૨૩ના રોજ બોરસદ તાલુકા પરિષદ બોલાવાઈ, સરદારે સરકાર સામે આકરા પ્રહારો કર્યા. સરકાર સામે કાર્યક્રમો જલદ બનાવાયા. સરકારે પોતાના ભાષણોમાં બહારવટિયાઓની નિંદા કરી. સરકારે લોકોને હૈડિયાવેરો ન ભરવા માટે સૂચના આપી. તો બીજી તરફ સરકારે વેરો વસૂલ કરવા માટે જપ્તીઓ કરી. છતાં પ્રજાએ મૂંગા મોઢે બધું સહન કર્યું. આખરે સરદારના પ્રયાસોને કારણે આ વેરો સરકારે નાબૂદ કરવો પડ્યો. રવિશંકર મહારાજે બારૈયા કોમની વસ્તીવાળા મહીકાંઠાનાં ગામોમાં પગપાળા પ્રવાસ દ્વારા નિર્ભય બનીને બહારવટિયાઓને સમજાવતા. તેમાં તેમને સારી સફળતા મળી. તેમણે બારૈયાઓ માટે શિક્ષણ મળે તે માટે બોચાસણમાં શિક્ષણ સંસ્થા શરૂ કરી.

સમય જતાં બાબરના સાથીદારો વચ્ચે મતભેદો વધતાં ધીમે ધીમે એકબીજાથી વિખૂટા પડવા લાગ્યા. એટલે બાબરનું બહારવટું નબળું પડવા લાગ્યું.

હવે બાબર સાથીદાર વિહોણો બન્યો. બાબરને સમાચાર મળ્યા કે તેનો મિત્ર તીતો માંદગીમાં મરણપથારીએ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડ્યો છે. બાબર તીતાને મળવા ગયો. તીતાને બાબરનો ભેટો થયા બાદ તેણે પોતાના દેહ છોડ્યો. તીતાની બહેન પાસે કારજપાણીના પૈસા ન હતા. એટલે બાબર પૈસાની સગવડ કરવા માટે વાણિયા પાસે ગયો. વાણિયાના ઘરમાં પોલિસો છૂપાયા હતા. પોલિસોએ બાબરને ચારે તરફથી ઘેરી લીધો. સમગ્ર વિસ્તારમાં સમાચાર ફેલાયા કે બાબર દેવા પોલિસના હાથે પકડાયો છે.

સવારે બાબરને જોવા હજારોની સંખ્યામાં માનવ મેદની જોવા ઊમટી પડી. ગરીબોના તારણહાર, સ્ત્રીઓના રક્ષક એવા બાબરને જોઈને અનેક સ્ત્રીપુરુષોની આંખમાંથી આંસુ આવી ગયા. બાબર અને દાભલાને તા. ૨૦-૪-૧૯૨૪ ના રોજ સરકારે ફાંસી ફરમાવી. તા. ૨૮-૭-૧૯૨૪ ના રોજ સોમવારે બાબરને ફાંસી દેવાઈ.

આમ બાબર દેવાએ નીતિધર્મ દ્વારા બહારવટું ખેલ્યું હતું. બ્રિટિશ શાસનમાં સૌથી છેલ્લો બહારવટિયો બાબરદેવા હતો.

**પાદટીપ**

૧.'બાબર દેવા', લેખક : દિલારામ

૨. માણસાઈના દીવા, લેખક : ઝવેરચંદ મેઘાણી, પૃ. ૧૧૦ થી ૧૨૬

૩. સ્વતંત્ર્ય ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ - રામનારાયણ પાઠક, પૃ. ૨૨-૨૩

૪. સરદાર વલ્લભભાઈ પટેલ, લેખક : રામનારાયણ પાઠક, પૃ. ૧૪૩

૫. સરદાર વલ્લભભાઈના લેખો : મણિબેન વલ્લભભાઈ

૬. સવ્યસાચી સરદાર વલ્લભભાઈ, લેખક : યશવંત દોશી, પૃ. ૯૮

૭. 'રાષ્ટ્ર વલ્લભ સરદાર વલ્લભભાઈ' અંબાલાલ નારણજી જોશી, પૃ. ૪૦-૪૧

૮. સરદાર વલ્લભભાઈના ભાષણો (૧૯૧૮ થી ૧૯૪૭) - નરહરિ પરીખ - ઉત્તમચંદ દીપચંદ પરીખ

૯. ગોરેલ ગામના મુખી : બાબુભાઈ એસ. પ્રત્યક્ષ મુલાકાત દ્વારા.

૧૦. બોરસદમાં સરદાર વલ્લભભાઈ પટેલ - પ્રો. કે.સી. સુથાર

૧૧. राष्ट्र निर्माता सरदार पटेल, लेखक : आचार्य चन्द्रशेखर शास्त्री, पृ. १६



For Private and Personal Use Only


વ્યાજબી દામ અને ઉત્તમ કામ,
'મિનલ' લાવે... સમૃદ્ધિ ભર્યું ધાન.
સુપર
મિનલ
કુદરતી ખાતર
• ૧ કિ.ગ્રા. પોલિયેસ્ટર પાઉચ પેકમાં
• ૫ અને ૫૦ કિ.ગ્રા. એચ.ડી.પી.ઈ. બેગમાં
MINZYME
PLANT GROWTH PROMOTER
વનસ્પતિ વૃદ્ધિવર્ધક
૧૦૦, ૨૦૦, ૫૦૦ મી.લી.
૧ લીટર અને ૫ લીટરના પેકમાં
તોમડો
વિશિષ્ટ
યુરિયા કોટિંગ પાવડર,
નુકશાનરહિત, જંતુ-પ્રતિરોધક,
હર્બલ અને બાયોડીગ્રેડેબલ છે.
૫૦૦ ગ્રામ અને ૧ કિ.ગ્રા.
પોલિયેસ્ટર પાઉચ પેકમાં
SUPER
NEEMOL
તીવ્ર એઝાડિરેક્ટીન
(હર્બલ પ્રોડક્ટસ)
પ્રવાહી અને દાણાદાર
૧૦૦, ૫૦૦ મી.લી., ૧ લીટર
અને ૫ લીટરના પેકમાં
વધુ જાણકારી માટે સંપર્ક કરો
મિનલ ઑઈલ ઍન્ડ ઍગ્રો ઈન્ડસ્ટ્રીઝ
૮મો માળ, પોપ્યુલર હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯